- Received on : 23-02-2026
Registered on : 23-02-2026
Decided on : 12-03-2026
Duration : Y M D
- - 17

**જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**<u>ફોજદારી પરચુ.અરજી નં.૧૪૯/૨૦૨૬.</u>**
<u>આંક-</u>

**<u>અરજદાર</u>.** અરમાન જાહીદભાઈ ઉર્ફે જહાંગીરભાઈ સુલેમાનભાઈ થયમ,
ઉ.વ.આ.૨૩, ધર્મે-મુસ્લીમ, ધંધો-પ્રાઈવેટ નોકરી,
રહે.દરદારબાગની પાછળ, ગુલીસ્તાન સોસાયટી,
ગોરીપીરની મસ્જીદ પાસે, જી.જુનાગઢ.
હાલે.જયુડી.કસ્ટડીમાં

**<u>-:: વિરૂધ્ધ ::-</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૧૫(૨) તથા પોકસો એકટની કલમ ૬ મુજબ

**સંદર્ભ :-** જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૧૦૦/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે : વિ.વકીલશ્રી બી.કે.સાંધ
સામાવાળા શ્રી સરકાર તરફે : વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૧૦૦/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૧૫(૨) તથા પોકસો એકટની કલમ ૬ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ થયેલ છે અને આંક-૦૮ થી તપાસ કરનાર અમલદાર જે.જે.પટેલ, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી બી.કે. સાંધનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૧૦૦/૨૦૨૬,ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૧૫(૨) તથા પોકસો એકટની કલમ ૬ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. આ કામે અરજદાર/આરોપીની તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીને કોર્ટમાં રજુ કરતા જયુડી.કસ્ટડીમાં તા.૧૪/૦૨/૨૦૨૬ થી રહેલ છે. બનાવ તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૨૭/૦૧/૨૦૨૬ સુધીનો રહેલ છે જયારે ગુનાની ફરીયાદ તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, એફ.આઈ.આર.ધ્યાને લેતા ભોગબનનાર

અને અરજદાર/આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હતો અને એફ.આઈ.આર.મુજબ તેઓ વચ્ચે ઓકટોબર ૨૦૨૪ ના ૨૯ અથવા ૩૦ તારીખના સમયમાં તેઓ વચ્ચે લગ્ન બાબતે ભોગબનનારને થપ્પડ મારી દીધેલ અને બ્રેકઅપ થઈ ગયેલ હતું. વધુમાં ફરીયાદ મુજબ ત્યારથી તેઓ વચ્ચે કોઈ સંબંધ ન હતા તેમ જણાવેલ છે. વધુમાં ફરીાયદમાં જણાવેલ છે કે, તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ ફરીયાદીને જાણવા મળેલ કે, અરજદાર/આરોપીએ તેની સાથેના તેના ફોટા તથા વીડીયો જે અગાઉ અરજદાર/આરોપીએ ભોગબનનાર સાથે પાડેલા હતા તે અન્ય વ્યકિતઓને બતાવેલ છે અને ત્યારબાદ ભોગબનનારની માતાએ અરજદાર/આરોપીને ફોન કરીને ધમકાવેલ હતો અને ભોગબનનારે અરજદાર/આરોપીના મોબાઈલ નંબર ઉપર વોટસએપ કોલ કરેલ અને તેને ફોટા અને વીડીયો બનાવવા બાબતે વાત કરેલ તે સમયે અરજદાર/આરોપીએ વાત કરેલ કે, તેણે કોઈને ફોટા કે વીડીયો બતાવેલ નથી. આમ, તેણીને આરોપી સાથેના ફોટા તથા વીડીયો કોઈને બતાડેલા છે તે બાબતે અરજદાર/આરોપીને ફોન કરતા તેણે ના પાડેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ માર્ક–૩/૨ થી પોલીસને અરજી કરેલ હતી તે રજુ રાખેલ છે. તેમાં જણાવ્યા મુજબ આરોપી સાજીદ હુસેન હાલા અને અયાન સાજીદ હાલા દ્વારા પોકસો જેવા ખોટા કેસમાં ફસાવવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય તે બંનેના જામીન રદ કરવા અરજી કરેલ હતી. આમ, હાલના કામના અરજદાર/આરોપીએ તેઓની સામે સદરહુ અરજીમાં જણાવેલ આરોપીઓએ ખોટો કેસ કરશે તેવી ધમકી આપેલ હોય તે કારણસર તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ છે. સદરહુ આરોપીઓ સામે પોલીસના નામે ખોટી રીતે ખંડણી ઉઘરાવવાનો કેસ હતો. આમ, સદરહુ અરજીમાં અરજદાર/આરોપીએ કર્યા બાદ અરજી તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ ભરતી

અનુસંધાને ખોટી ફરીયાદ કરેલ છે. સદરહુ અરજદાર/આરોપીએ હાલના કામના અરજદાર/આરોપી પાસેથી પોલીસના નામે રૂા.૫૫,૦૦૦/– પડાવી લીધેલ છે. જે ફરીયાદ હાલના કામે અરજદાર/આરોપી પાછી ખેંચી લે તે માટે હાલની ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામે ભોગબનનારના ફોટા વાયરલ થયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં હાલના કામની ફરીયાદ ઉપજાવી કાઢેલ છે. તેમજ ફરીયાદ મોડી કરવા અંગેનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. વધુમાં હાલના કામના ભોગબનનાર કેશોદ મુકામેના રહેવાસી છે. જેથી પુરાવા સાથે છેડછાડનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં હાલન કામના અરજદાર/આરોપીએ અન્ય કોઈ ગુનો કરેલ નથી. આમ, હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે તરફે વિ.એ.જી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાની રજુઆત કરેલ છે કે, હાલના કામે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની રહેલ છે. તેમજ હાલના કામના ભોગબનનાર ખુદ જ ફરીયાદી છે.હાલના કામે અરજદાર/આરોપીએ ભોગબનનારના ફોટા તથા વીડીયો ઉતારેલ તે અન્ય લોકોને બતાવી વાયરલ કરેલ છે. વધુમાં અરજદાર/આરોપીને ભોગબનનાર સાથે રીલેશનશીપ રાખી લગ્ન કરવાનું કહી ભોગબનનાર સાથે અવારનવાર શરીર સંબંધ બાંધેલ છે. આમ, ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી જે.જે.પટેલ, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૮ નું સોગંદનામું વંચાણે લીધું. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપીએ ફરીયાદી ભોગબનનાર સગીર વયની ઉ.વ.૧૪ વર્ષની હોવાનું જાણવા છતાં

તેમની સાથે મિત્રતા કેળવી તેમની સાથે રીલેશનશીપ રાખી લગ્ન કરવાનું કહી અને ભોગબનનાર સાથે અલગ અલગ જગ્યાઓએ અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી ત્યારબાદ ભોગબનનારની સાથે લગ્ન કરવાની ના પાડી થપ્પડ મારી ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલો છે. વધુમાં ફરીયાદ મુજબ હાલના કામના અરજદાર/આરોપીએ ભોગબનનારના અરજદાર/આરોપી સાથેના ફોટા તથા વીડીયો અન્ય વ્યકિતને બતાવેલ હોવાની હકીકત ભોગબનનારને ફરીયાદમાં જણાવેલ છે.

(૬) હાલના કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના ભોગબનનાર એ જ ફરીયાદી રહેલ છે અને બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની રહેલ હતી તેમજ તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, અરજદાર/આરોપીએ ફરીયાદી/ભોગબનનાર સગીર વયની ઉ.વ.૧૪ વર્ષની હોવાનું જાણવા છતાં તેની સાથે મિત્રતા કેળવી અને તેની સાથે રીલેશનશીપ રાખી લગ્ન કરવાનું કહી અને ભોગબનનાર સાથે અલગ અલગ જગ્યાએ અવારનવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી અને ભોગબનનાર સાથે લગ્ન કરવાની ના પાડી, થપ્પડ મારી ગુનો કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં પ્રથમદર્શનીય રીતે ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં હાલના કામનો ગુનો ધ્યાને લેતા ખુબજ ગંભીર પ્રકારનો ગુનો રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપીએ ભોગબનનાર સાથે લગ્ન કરવાનું વચન આપી તેણીની સાથે મિત્રતા કેળવીને તેણી સાથે શરીર સંબંધ બાંધેલ છે. આમ, અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાનુ ફલિત થાય છે. તેમજ અરજદાર/આરોપીનુ કૃત્ય જઘન્ય પ્રકારનું કૃત્ય રહેલ છે. વધુમાં હાલના કામના ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની હોવાનું જાણવા છતાં તેણી સાથે મિત્રતા કેળવી શરીર સંબંધ બાંધેલ છે. જે બાબત ખુબ ગંભીર રહેલ છે. વધુમાં અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ સાજીદ હુસેન હાલા તથા અયાન સાજીદ હાલા વિરૂધ્ધ ખંડણી અંગેની ફરીયાદ દાખલ કરેલ હોય

જે અન્વયે ફસાવવા માટેની હાલની ખોટી ફરીયાદ કરેલ છે. જે બાબતે જોવામાં આવે તો હાલના કામના ભોગબનનાર/ફરીયાદીએ ખુદ ફરીયાદ આપેલ છે. તેમજ હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે તે સંજોગોમાં બચાવપક્ષની રજુઆત આ તબકકે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. વધુમાં આવા પ્રકારના ગુનાઓ દિન પ્રતિદિન સમાજમાં વધતા જાય છે અને તેવા ગુનાને હળવાશથી લેવામાં આવે તો, આવા પ્રકારના ગુના કરવાની માનસીકતા ધરાવતા લોકોને પ્રોત્સાહન મળી શકે તમે છે અને હાલના કામનો ગુનો સમાજ વિરોધી ગુનો પણ રહેલ છે. આમ, તમામ હકીકત ઘ્યાને લેતા ઉપરોકત ચર્ચાના અંતે અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

– હાલના અરજદાર/આરોપી અરમાન જાહીદભાઈ ઉર્ફે જહાંગીરભાઈ સુલેમાનભાઈ થયમ, રહે.દરદારબાગની પાછળ, ગુલીસ્તાન સોસાયટી, ગોરીપીરની મસ્જીદ પાસે, જી.જુનાગઢવાળાની જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧ ૨૦૩૦૨૪૨૬૦૧૦૦/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(એમ), ૬૫ (૧), ૧૧૫(૨) તથા પોકસો એકટની કલમ ૬ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

– હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)